

॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 23,(SURAT), DATE-27/11/2024, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૨૩, (સુરત), તા.૨૭/૧૧/૨૦૨૪ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 જબુંસરના પીલુદરા ખાતે પ્રબોધ જીવન સ્વામીજીની ભવ્ય શોભાયાત્રા

3 જમ્મુ-કાશ્મીરમાં આજે પહેલીવાર ઉજવાયો બંધારણ દિવસ, ઓમર અબ્દુલ્લાના મંત્રીએ વાંચી પ્રસ્તાવના

4 શ્રી સત્ય સાઈ બાબાની ૯૯ મી જન્મ જયંતીની ઉજવણી


## મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદેથી એકનાથ શિંદેનું રાજીનામું, નવી સરકારના ગઠનની તૈયારીઓ તેજ

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે મહારાષ્ટ્રના રાજયપાલને પોતાનું રાજીનામું સુપરત કર્યું હતું. નોધનીય છે કે, મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિ ગઠબંધનને જંગી બહુમતી મળી છે. શિવસેના (શિંદે જૂથ) ના વિધાયક દળના નેતા એકનાથ શિંદે ચૂંટાયા છે, જયારે એનસીપી (અજિત પવાર જૂથ) ના ધારાસભ્ય દળના નેતા અજિત પવાર ચૂંટાયા છે. હવે ભાજપ ધારાસભ્ય દળની બેઠક યોજાવાની છે અને નેતાની પસંદગી થવાની છે.

દેવેન્દ્ર ફડણવીસ સીએમ પદની રેસમાં આગળ

મહારાષ્ટ્રમાં ત્રણેય પક્ષો બેસીને મુખ્યમંત્રી પદ અંગે નિર્ણય લેશે. ભાજપ તરફથી દેવેન્દ્ર ફડણવીસનું નામ મુખ્યમંત્રી પદ માટે આગળ ચાલી રહ્યું છે. જો કે, શિવસેના (શિંદે જૂથ) ના નેતાઓ પણ એકનાથ શિંદે પર સીએમ પદ પર રહેવા માટે દબાણ કરી રહ્યા છે.



અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીએ ૪૧ બેઠક જીતી છે.

એકનાથ શિંદેના નેતૃત્વમાં શિવસેનાએ ૫૭ બેઠક જીતી છે.

ભાજપે ૧૩૨ બેઠક જીતી છે

તાજેતરમાં યોજાયેલી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ગઉઅને મોટી સફળતા મળી છે. રાજ્ય વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટી સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરી આવી છે. ભાજપે ૧૩૨ બેઠક જીતી છે. સૂત્રોના જણાવ્યાનુસાર, આ વખતે મુખ્યમંત્રી પદ ભાજપ પાસે જશે.

એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના, ભાજપ અને અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીના 'મહાયુતિ' ગઠબંધને તાજેતરમાં પૂર્ણ થયેલી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ૨૮૮માંથી ૨૩૦ બેઠકો જીતીને સત્તા જાળવી રાખી હતી, જયારે વિપક્ષ મહાવિકાસ અઘાડી ને માત્ર ૪૬ બેઠકો મળી હતી.

**આજથી ચાર વર્ષ પહેલાં ૨૦૧૯માં મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રીની ખુરશી માટે વિવાદ થયો અને રાજયની બે પ્રમુખ પાર્ટી ભાજપ અને શિવસેના એકબીજાથી અલગ થઈ ગયાં.**






## બારડોલીના ચોમાસામાં તૂટેલા જલારામ મંદિરથી ગાંધીરોડનું ડામર કામ શરૂ

બારડોલી- બારડોલી મુખ્ય માર્ગ પર જલારામ મંદિરથી ગાંધીરોડને જોડતો પુનિત સ્કૂલનો માર્ગ ઘણા સમયથી ચોમાસા દરમિયાન તૂટી જતા ખાડા પડી ગયા હતા. આ માર્ગ નગરજનો માટે ખૂબ જ ઉપયોગી હોય, ખાડાના કારણે વાહન ચાલકોને ઘણી હાલાકી વેઠવી પડતી હતી. જે અંગે બારડોલી નગરપાલિકાએ આ માર્ગ પર સોમવારે સી. વી. પટેલ એજન્સી પાસે ડામર કામ



શરૂ કરાવ્યું હતું. આ માર્ગ ખૂબ જ ઉપયોગી હોવાથી સારી ગુણવત્તા જળવાઈ રહે અને સૂચન માટે પાલિકાના કન્સલટનનો એન્જીનીયર પણ કામગીરી સમયે સાથે રહ્યા હતા. સ્થાનિક આગેવાન પણ કામગીરી સમયે હાજર જોવા મળ્યા હતા.

## અધિક કલેક્ટરની અધ્યક્ષતામાં ચાઈલ્ડ લેબર કમિટીની બેઠક


બારડોલી- નિવાસી અધિક કલેક્ટર વિજય રબારીની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી સભાખંડમાં ચાઈલ્ડ લેબર ટાસ્ક ફોર્સ કમિટીની બેઠક યોજાઈ હતી. બેઠકમાં અધિક કલેક્ટરે બાળમજૂરીમાંથી રેસ્કયુ કરવામાં આવેલા બાળશ્રમિકોનું પુનર્વસન થાય તેમજ બાળમજૂરી અંગે જાગૃતિ કેળવાય તે માટે સાથે મળી કાર્ય કરવાનો અનુરોધ કર્યો હતો. જોખમી ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતા બાળશ્રમિકોને રેસ્ક્યુ કરવા પર ભાર મૂકી બાળકો, તરૂણોનું ભવિષ્ય અંધકારમય ન બને એ માટે બાળમજૂરી કરાવતા લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવો મત વ્યક્ત કર્યો હતો.

મદદનીશ શ્રમ આયુક્ત એચ. એસ ગામીતે ઓકટોબર ૨૦૨૪ દરમિયાન બાળ શ્રમિક (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ-૧૯૮૬ અન્વયે થયેલ કામગીરીની વિગતો



આપતા જણાવ્યું કે, ઓકટોબરમાં ટાસ્કફોર્સ દ્વારા હોટેલ- રેસ્ટોરન્ટ, કરખાનાઓમાં ૨ રેડ કરાઈ હતી, જેમાં ૧ તરૂણ શ્રમિક મળી આવતા તેના પુનર્વસનની કામગીરી કરવામાં આવી છે. આ બાળકને સાથે રાખી તેના માતાપિતાનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું અને ભવિષ્યમાં બાળક ફરી વાર બાળમજૂરીના દલદલમાં ન ફસાય એ માટે સમજણ આપવામાં આવી છે. માલૂમ પડેલ તરૂણ શ્રમિક જ્યાં કામ કરતો હતો તે જગ્યાના માલિક સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હોવાનું મદદનીશ શ્રમ આયુકતએ જણાવ્યું હતું.

## ૪૯૩ વર્ષ પછી ચિત્તોડગઢમાં રાજયાભિષેક




મેવાડના ૭૭ માં મહારાણા વિશ્વરાજ સિંહ જીના રાજયાભિષેકની પરંપરા, જયાં સલુંબર રાવત દેવવ્રત સિંહ ચુંદાવતે તેમના લોહીથી મહારાણાનો રાજયાભિષેક કર્યો હતો. ચિત્તોડગઢ કિલ્લામાં મેવાડના ૭૭ માં મહારાણા વિશ્વરાજ સિંહના રાજયાભિષેકના દ્રશ્ય.


Mo-9727410292 Mo-9426810292




શ્રી બાલાજી ડાઈનિંગ હોલ

ઘામળોદ રોડ, બારડોલી



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# જબુંસરના પીલુદરા ખાતે પ્રબોધ જીવન સ્વામીજીની ભવ્ય શોભાયાત્રા તથા સત્સંગ સભા યોજાઈ





ભરૂચ- જબુંસરમાં ગુરુ હરી પરમ પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજીના આધ્યાત્મિક વારસદાર પ્રગટ ગુરુહરી પ્રબોધજીવન સ્વામીજીના જંબુસર પંથકમાં બે દિવસીય વિચરણ અને સભાઓ પ્રાદેશિક સંતવર્ય પૂજ્ય શ્રીજીચરણ સ્વામી, અને પુ. સાધુ સૌરભ સ્વામીજીના માર્ગદર્શન હેઠળ યોજાઇ હતી.જેમાં આધ્યાત્મિક પ્રવાસનો મગણાદ ખાતેથી પ્રારંભ કરાયો અને જંબુસર, કોટેશ્વર, કલક, સિંધવ, ઠાકોર તલાવડી, નડિયાદ સહિતના વિસ્તારોમાં ભક્તોના ઘરે પધરામણી તથા કોટેશ્વર ખાતે જાહેર સત્સંગ સભા યોજાઈ હતી. જેમાં પૂજ્ય પ્રબોધ સ્વામીજીએ સત્સંગ પ્રવચનનો લાભ આપ્યો હતો.

સ્વામીનું ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરાયુ પીલુદરા ખાતે બીજા દિવસે ભવ્ય શોભાયાત્રા ગામ પાદરથી ડીજેના તાલે ભક્તિ સંગીતના સથવારે નીકળી ગામોમાં ફરી ભીમસંગ ભાઈલાલ પઢીયારને ત્યાં સમાપન કરાવ્યું હતું. સ્વામીજીનું પીલુદરાની ધરા પર ભવ્ય સ્વાગત ગામના સત્સંગી અગ્રણીઓ દ્વારા કરાયું હતું.

શોભાયાત્રામાં સરપંચ બળવંતસિંહ રાજ, મહામંત્રી બળવંતસિંહ પઢિયાર, સંત ગણ સહિત ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ જવ ચંદ્રિકા ભવાની માતા મંદિર પટાંગણમાં જાહેર સત્સંગ સભા યોજાઇ હતી.આ પ્રસંગે જંબુસર સત્સંગ મંડળ પ્રમુખ મકનજી પટેલ, તથા કિશોરભાઈ જડિયા સહિત મોટી સંખ્યામાં સત્સંગી ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

# ભામૈયા પ્રા. શાળાનો કેબલ કપાતાં છ મહિનાથી ઈન્ટરનેટ સેવા બંધ

બારડોલી- બારડોલી તાલુકાના ભામૈયા ગામે આવેલ પ્રાથમિક શાળામાં છેલ્લા છ માસ કરતાં વધુ સમયથી ઈન્ટરનેટનો કેબલ કપાઈ ગયો છે. જેના કારણે બાળકોના શિક્ષણ પર અસર પડી રહી છે. બાળકોને સ્માર્ટ ટીવી પર બતાવવામાં આવતાં કેટલોક અભ્યાસ કરવામાં આવતો નથી. આ અંગે શાળા દ્વારા અનેકવાર ગ્રામ પંચાયતને રજૂઆત કરવામાં આવી છે છતાં હજુ કોઈ ઉકેલ ન આવ્યો નથી.

બારડોલી તાલુકાના ભામૈયા ગામે આવેલ થોડા સમય પહેલા ગામમાં અંડરગ્રાઉન્ડ કેબલની કામગીરી કરવામાં આવી હતી. જે કામગીરીમાં ગામના કેબલના અંડરરગ્રાઉન્ડની કામગીરી કરવામાં આવી હતી. કામગીરી દરમિયાન પંચાયત ઓફિસથી શાળા તરફ જતો બીએસએનએલનો ફાયબર કેબલ કપાઈ ગયો હતો. જે કેબલ કપાઈ ગયા બાદ ફરીથી જોઈન્ટ કરવામાં આવ્યો નથી. કેબલ કપાઈ જવાથી છ મહિનાથી વધુ સમયથી શાળામાં ઈન્ટરનેટ કનેકશન બંધ છે. ઈન્ટરનેટ બંધ હોવાથી શાળાના બાળકોને ઓનલાઈનને લગતો અભ્યાસ કરાવી શકતા નથી. તેમજ શાળાનું ઈન્ટનેટ પર ઓનલાઈન કામ થઈ શકતું નથી. જેથી અનેક સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે.

આ અંગે શાળા દ્વારા ગ્રામ પંચાયત તેમજ બીએસએનએલ ઓફિસ અને ઓનલાઈન ફરિયાદ કરી હોવાનું જાણવા મળેલ છે. છતાં તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં આવી નથી. એક તરફ સરકાર ભણવા પર ભાર અનેક કાર્યક્રમો કરીને લાખો કરોડો રૂપિયા વાપરી સુવિધા આપી રહી છે. જ્યારે બીજી તરફ ભામૈયા પ્રા. શાળામાં કેબલ કપાઈ જવાથી સ્માર્ટ ટીવી સહિતના ઉપકરણો ધૂળ ખાઈ રહ્યાં છે. હવે જોવું રહ્યું કે ક્યારે ઈન્ટરનેટ કાર્યરત થશે.

# ડાંગ જિલ્લા આરોગ્ય અને પોલીસ વિભાગ દ્વારા COTPA-૨૦૦૩ એક્ટ અન્વયે આકસ્મિક ચેકીગ

## આહવામાં કુલ ૨૪ કેસોમાં રૂપિયા ૪૮૦૦ નો દંડ કરવામાં આવ્યો



**(ડાંગ): આહવાઃ** તાઃ ૨૫ઃ ડાંગ જિલ્લામાં નેશનલ ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત ૬૦ દિવસના ટોબેકો ફ્રિ યુથ કેમ્પેઇન ૨.૦ (Tobacco Free Youth Campaign 2.0) ના સમયગાળા દરમિયાન COTPA-૨૦૦૩ એક્ટ અન્વયે અન્વયે ડાંગ જિલ્લાના આહવા તાલુકાના બજાર વિસ્તારમાં એન્ફોર્સમેન્ટ ડ્રાઇવનું કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જેમાં જિલ્લા ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામના શ્રીમતી રસીલા સી. ચૌધરી (આરોગ્ય શાખા), આહવા પોલીસ વિભાગના કર્મચારીશ્રીઓ, એન્ફોર્સમેન્ટ સ્કોડ દ્વારા Section-૪,૫,૬(A) ,૬ (B) નું અસરકારક અમલીકરણ થાય જે અંગે આહવા તાલુકાના બજાર વિસ્તારમાં દુકાનો ,લારી-ગલ્લાઓ પર ચેકીગ હાથ ધરવામાં આવ્યું હતું.

જેમાં દુકાનદારો તેમજ લારી-ગલ્લાઓ પર કલમ-૬(બ) મુજબ શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ વારની ત્રિજયામાં સિગારેટ અને તમાકુની અન્ય બનાવટો વેચાણ ન કરવા અંગે સુચના આપવામાં આવી હતી. તેમજ કલમ- ૬(અ) ૧૮ વર્ષથી ઓછી ઉંમરના છોકરાઓને તમાકુ કે તમાકુની અન્ય બનાવટોનો વેચાણ ન કરવા પર પ્રતિબંધ તથા બોર્ડ લગાડવા સુચના આપવામાં આવી હતી. આ સાથે જ કલમ-૫ મુજબ સિગારેટ અને તમાકુની અન્ય બનાવટોની જાહેરાત આપવા પર પ્રતિબંધ છે તેમ જણાવાયું હતું.

ડાંગ જિલ્લા આરોગ્ય અને પોલીસ વિભાગ દ્વારા COTPA-૨૦૦૩ એક્ટ અનવ્યે આહવામાં કુલ -૨૪ કેસોમાં રૂપિયા ૪૮૦૦ દંડ કરવામાં આવ્યો.

# કોસંબા-હાંસોટ રોડ પર કોસંબા નજીક લીકેજ પાણીની લાઇન રિપેર કરવા ખોદેલા ખાડામાં પડતાં ચાલક ઈજાગ્રસ્ત



બારડોલી-કોસંબા - હાંસોટ રોડ પર માંગરોળના કોસંબા નજીક લીકેજ પાણીની લાઈન રિપેર કરવામાં ખોદવામાં આવેલા ખાડામાં રીક્ષા ખાબકી હતી. બનેલી ધટનામાં રીક્ષાચાલકને ઈજાઓ પહોચી હતી તેમજ રીક્ષાને પણ મોટું નુકશાન થયું હતું.

સુરત જિલ્લામાં અવાર નવાર તંત્રની નાની મોટી ભૂલોને કારણે અકસ્માતો થતા હોય છે. ત્યારે વધુ એક અકસ્માતની ધટના તંત્રની ભૂલના કારણે બની છે. સુરતના માંગરોળ તાલુકાના કોસંબા પાસે પસાર થતા કોસંબા હાંસોટ સ્ટેટ હાઇવે પર કોસંબા ગ્રામ પંચાયત દ્વારા લીકેજ થયેલી પાણીની લાઈન રિપેર કરવા ખાડો ખોદ્યો હતો. આ ખાડા પર કોઈપણ પ્રકારના બેરીકેટ મૂકવામાં આવ્યા ન હતા. રીક્ષાચાલક આ રસ્તા પરથી રાત્રિ દરમિયાન પસાર થઈ રહ્યો હતો, તે દરમિયાન અંધારાના કારણે ખાડો નજરે ચડ્યો ન હતો અને સીધો જ ૬ ફૂટ ઊંડા ખાડામાં ખાબક્યો હતો.

રીક્ષાચાલકને નાની મોટી ઈજાઓ થઈ ઉં ૧૬_૪૮૦૮ના રીક્ષાચાલક રફીકભાઈને શરીરે નાની મોટી ઈજાઓ પહોચતાં તેઓને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ૬ ફૂટ ઊંડા ખાડામાં રીક્ષા પડતાં રીક્ષાને મોટું નુકશાન થયું હતું. ધટના બાદ ગ્રામ પંચાયતની ટીમ હરકતમાં આવી હતી અને તુરંત સ્થળ પર દોડી જઇને બેરીકેટ મૂકી દીધા હતા.

# ડિંડોલીના મંદિરમાંથી તસ્કરો ૪૬ હજારની મતા ચોરીને ફરાર

સુરત : ડિંડોલીના મનકામનેશ્વર મહાદેવ મંદિરમાં તસ્કરો પિતળના ઘંટ સહિત ૪૬,૮૫૦ની મતાની ચોરી ગયાનો બનાવ બન્યો છે. ડિંડોલી સાંઇદર્શન સોસાયટીમાં મનકામેશ્વર મહાદેવ મંદિર આવેલું છે. રાત્રે તસ્કરોએ મંદિરને નિશાન બનાવ્યું હતું. ચોરે મંદિરનો દરવાજો ખોલી અંદર મૂકેલા પિતળના બે ઘંટ, અંદાજે રૂ.૯,૦૦૦ ભરેલી દાનપેટી અને માઇક ચાર્જરના સેલ મળીને કુલ રૂ.૪૬,૮૫૦ની મતાની ચોરી કરી નાસી ગયા હતો.

બનાવ અંગે સવારે સોસાયટીના રહીશોને જાણ થઇ હતી. જયારે સોસાયટીના પ્રમુખ દિનેશ પાટીલે ડિંડોલી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે.

# સોનગઢમાં નવી આઇસીયુ ઓન-વ્હીલ એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરાયું



સોનગઢ- રાજયમાં વસવાટ કરતા લોકોને મેડિકલ ઇમરજન્સી વખતે ૧૦૮ એમ્બ્યુલન્સ જ યાદ આવતી હોય છે. આ સ્થિતિમાં રાજય સરકાર પણ આ એમ્બ્યુલન્સ સેવામાં વખતોવખત સુધારા કરી નવી સેવા ઉમેરતી રહે છે. હાલમાં ગુજરાત સરકાર દ્વારા આ સુવિધામાં વધારો કરવાના આશય સાથે તાપી જિલ્લાના સોનગઢની સરકારી હોસ્પિટલ ખાતે આઈ.સી.યુ.ઓન વ્હીલ્સ સુવિધા સાથેની એક નવી એમ્બ્યુલન્સ ફાળવેલ છે. આ આઈ.સી.યુ. ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સ હાલના સમયમાં જરૂરી અત્યાધુનિક સુવિધા અને ટેક્નોલોજી સાથે સજ્જ છે. આ એમ્બ્યુલન્સને સોનગઢ સરકારી હોસ્પિટલ ખાતે અધિક્ષક ડો. વિમલ પટેલના હસ્તે લીલી ઝંડી દર્શાવી લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૧૦૮ એમ્બ્યુલન્સ વાનના એક્ઝિક્યુટિવ મયંક ચૌધરી, હોસ્પિટલના ડોક્ટરો, સ્ટાફ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

# મતદારયાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમઃસુરત જિલ્લાના ૧૬ વિધાનસભા વિસ્તારમાં ૭૭,૯૪૬ અરજીઓ પ્રાપ્ત થઈ



બારડોલી- ભારતના ચૂંટણી પંચ દ્વારા ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ હેઠળ તા. ૧૭, ૨૩ અને ૨૪મી નવેમ્બરના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ તથા અન્ય ચાલુ દિવસો દરમિયાન થયેલી સુધારણામાં સુરત જિલ્લાની ૧૬ વિધાનસભા વિસ્તારના લાયક મતદારોએ મોટી સંખ્યામાં હક્ક-દાવા, સુધારા-વધારા માટે અરજીઓ રજૂ કરી હતી.

ઝુંબેશ દરમિયાન કુલ ૭૭,૯૪૬ જેટલા ફોર્મ ભરાયા હતા. જેમાં નવા મતદારો માટે ફોર્મ નં.૬ હેઠળ ૧૮-૧૯ વર્ષના મતદારોએ૧૧૭૩૩ તથા ૨૦થી ૨૯ વર્ષના વયજુથમાં ૯૮૩૯ ફોર્મ, ફોર્મ-૬(ખ) હેઠળ ૧૮૧૬, ફોર્મ-૭ હેઠળ નામ કમી કરવા માટેના ૭૬૫૧ જેટલી અરજીઓ, મતદારયાદીમાં સુધારા વધારા કરવા માટે ૩૮૨૧૪ અરજીઓ મળી હતી. આમ કુલ ત્રણ દિવસ ઉપરાંત અન્ય દિવસોમાં મામલતદાર કચેરીઓમાં આવેલી અરજીઓ મળી કુલ ૭૭,૯૪૬ જેટલા ફોર્મ ભરાયા હતા. ખાસ ઝુંબેશના દિવસોએ બી.એલ.ઓ. હાજર રહી મતદારો પાસેથી અરજીઓ સ્વીકારી હતી. આમ મતદારયાદી સુધારણાની સમગ્ર ઝુંબેશ દરમિયાન ૭૭૯૪૬ જેટલી અરજીઓ મળી હતી.

# સિટી બસના બે ડ્રાઇવરો બાખડ્યા, એકે તમાચો માર્યો બીજો સળિયો લઇ દોડ્યો

સુરત- પાલિકા સંચાલિત સિટી લિંકના બે બસ ચાલક ઓવરટેક મામલે છૂટ્ટા હાથની મારામારી ઉપર ઉતરી આવ્યા હતા. મારામારીનો વીડિયો જાગૃત નાગરિકે ઉતારી લીધા પછી પાલિકા સુધી પહોંચાડતા બંને ચાલકોને સસ્પેન્ડ કરી દેવાયાનું વિભાગે જણાવ્યું હતું.

વરાછા રોડ ઉપર સિટી બસના ચાલકે ઓવરટેક લેવા પાછળથી સતત હોર્ન માર્યા હતા. જેને પગલે વરાછા રોડના સુરત સુપર સ્ટોર સામે જ બંને બસ ચાલકો રોડ ઉપર બસ ઊભી કરી બાખડી પડ્યા હતા. એક બસ ચાલકે પાછળથી હોર્ન મારી રહેલાં ચાલકને બે તમાચા ચોપડી દીધા હતા.

# વલસાડ જિલ્લામાં ૨૫ નવે. થી ૧૦ ડિસે. સુધી મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાનની ઉજવણી થશે

વલસાડ- વલસાડ જિલ્લામાં તા. ૨૫ નવેમ્બર (મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા નાબૂદી દિવસ) થી તા. ૧૦ ડિસેમ્બર (માનવ અધિકાર દિવસ) એમ કુલ ૧૬ દિવસ સુધી મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાનની ઉજવણી કરવામાં આવશે. જે મુજબ વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ વિવિધ કાર્યક્રમો સાથે મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાનની ઉજવણી કરવામાં આવશે.(૧) ઘરેલું હિંસા સેમિનાર ૨૦૦૫, (૨) મહિલા હેલ્પલાઇન ૧૧૨, ૧૮૧, ચાઇલ્ડ લાઇન ૧૦૯૮ પ્રચાર પ્રસાર કાર્યક્રમ, (૩) બાળ લગ્ન પ્રતિબંધિત અધિનિયમ ૨૦૦૬ જાગૃતિ કાર્યક્રમ, (૪) સાયબર સેફ્ટી અંગે જાગૃતતા સેમિનાર, (૫) પોક્સો એક્ટ ૨૦૧૨ કાર્યક્રમ, (૬) કામકાજના સ્થળે મહિલાઓની થતી જાતિય સતામણી અધિનિયમ ૨૦૧૩ કાર્યક્રમ (૭) બેટી બચાઓ બેટી પઢાઓ અંતર્ગત ગુડ ટચ બેડ ટચ કાર્યક્રમ, (૮) જાતિગત સંવેદનશીલતા અંગે જાગૃતતા કાર્યક્રમ,(૯) ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ અને ખાસ અધિકાર અંગે કાર્યક્રમની ઉજવણી થશે.

મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાનની ઉજવણીમાં મહિલા અને બાળ અધિકારીની કચેરી વલસાડ, પોલીસ વિભાગ વલસાડ, ડિસ્ટ્રિક્ટ લિગલ ઓથોરીટી, બાળ સુરક્ષા એકમ વલસાડ, સખી વન સ્ટોપ સેન્ટર વલસાડના સ્ટાફ, પોલીસ સ્ટેશન બેઇઝડ સપોર્ટ સેન્ટર વલસાડના સ્ટાફ, ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઈનના સ્ટાફ, ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વીમેનના સ્ટાફ, શાળા/કોલેજના શિક્ષકગણ તેમજ શાળા/કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ, મહિલા કલ્યાણ કેન્દ્રો, બિન સરકારી સંસ્થાઓ સહભાગી થશે એવુ અખબારી યાદીમાં જણાવાયુ છે.

# નિઝર સેવા સદનની બારી પર જામેલા મધપુડાની મધમાખીઓ અંદર ઘુસી જતા મુલાકાતીઓ હેરાન




કુકરમુંડા- તાપીનાં નિઝર તાલુકા સેવા સદનનાં મકાનની બારી પાસે બેઠેલા મધપૂડા પરથી ઉડતી મધમાખીથી સેવા સદન ખાતે વિવિધ કામકાજ અર્થે આવનાર લોકોઓ હેરાન પરેશાન થઇ રહ્યા છે. સેવા સદનના મકાનમાં પ્રવેશ કરવાનાં મેન દરવાજા સહીત બીજા દરવાજાની ઉપર મકાનના બીજા માળે બારી ઉપર મોટી સંખ્યામાં મધમાખી વાળા આશરે ચાર થી પાંચ જેટલાં મધઓ બેસેલા છે. જે મધપુડા ઉપર ઉડતી મધમાખીઓ સેવા સદન ખાતે કામકાજ માટે આવનાર લોકોઓમાં ડંખ મારી જાય તેવો ભય લોકોઓમાં જોવા મળી રહ્યો છે. આ સેવા સદનના મકાનમાં મામલતદાર કચેરી, નિઝર પ્રાંત અધિકારીની કચેરી, પોસ્ટ ઓફિસની કચેરી, નિઝર પોલીસ વિભાગના ઉુતા ની કચેરી, સહીત નારી અદાલતની ઓફિસ આવેલ છે. જે તમામ ઓફિસોમાં ફરજ બજાવતા અધિકારી અને કર્મચારીઓ અને સેવા સદનના મકાનમાં આવેલી અલગ - અલગ વિભાગની ઓફિસોમાં વિવિધ કામકાજ માટે આવતા લોકોઓ માટે મધપુડા ઉપર ઉડતી મધમાખીઓ જોખમી બની ગઈ છે. સેવા સદનના મકાનની બારી ઉપર ખુબ મોટી સંખ્યામાં મધમાખી ધરાવતા મધપૂડાઓ ઉપરથી મધમાખી ઉડીને સેવા સદનમાં આવેલી સરકારી અલગ - અલગ વિભાગ ઓફિસોમાં કામકાજ અર્થે આવનાર લોકોઓને ડંખ ન મારી જાય તે પહેલા મધ ઉતારી લેવામાં આવે તેવી માંગ લોકોઓ ઉઠવા પામેલ છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........



તંત્રી-
હિમાંશુસિંહ ઠાકોર

### આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ઇન્ટેલિજન્સ વિનાનું જીવન

એક જમાનામાં આવા વહેમો સામે લડનારી વ્યક્તિઓ અને સંસ્થાઓ હતી. રૂઢિઓનો સામનો કરીને સમાજ સામે બાથ ભીડનારા બહાદૂરો હતા. કોણ જાણે કેમ પણ આજે એમાં દુષ્કાળ પ્રવર્તે છે

સમય બદલાય છે, વખત વહી જાય છે, નવી શોધ થાય છે અને અદ્‌ભુત સંશોધન થાય છે, છેક ચંદ્ર પર લટાર લગાવીએ છીએ અને ડિજિટલ ક્રાંતિનો જયનાદ ગજવીએ છીએ. તેમ છતાં કોણ જાણે કેમ આ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના જમાનામાં પણ મારણ મંત્ર, સંમોહન-વિદ્યા અજમાવવી જેવી બાબતોમાં શ્રદ્ધા ધરાવનારા અને તે મુજબ વર્તનારા માણસો મળે છે. વશીકરણ અને ઉચ્ચાટનની વિદ્યામાં માને છે અને ભૂત, પ્રેત, ચૂડેલ, ડાકણના ભયાવહ ભ્રમ નબળા મનના માનવીમાં વિસ્તાર કરતો જાય છે. જેનો ભય લાગે એની એ સતત વાત કરતો હોય છે. વિજ્ઞાનના આકાશમાં ભલે ઉડ્ડયન કરીએ, પણ વાસ્તવિક ધરતી પર સચ્ચાઈ ભૂલવી ન જોઈએ.

કોઈ વળી કહે છે કે અષ્ટદલ યંત્ર લખીને મંત્ર જપવાથી કે હોમ કરવાથી કૂખ છૂટે અને સંતાન થાય, તો વળી છ ખૂણાનો યંત્ર લખી શ્વેત વસ્ત્રો પહેરી, શ્વેત આસન પર ઉગમણી દિશામાં મુખ રાખીને ધોળી માળાથી એ મંત્ર સવા લાખવાર જપવાથી તથા દ્રાક્ષ, ચારોળી, બદામ અને ટોપરું હોમવાથી ધન મળે છે એવા ભવિષ્યના વરતારા કરે છે. તો વળી નવા ઘરેણાં, નવા ઢોળિયા કે નવા કપડાંને કાળા હીરનો દોરો વીંટે છે. મોટા જમણ સમયે દૂધપાક કરતા દૂધમાં કોઈની નજર બેસે નહીં, તે માટે કોલસાનો ટૂકડો તાવડામાં નાખે છે. આવા કેટલાંય શુકન-અપશુકનથી આપણો સમાજ ઘેરાયેલો છે.

ગુજરાતમાં ઈ. સ. ૧૮૫૦માં જે પરિસ્થિતિ હતી, એ પરિસ્થિતિમાં ૧૭૪ વર્ષ પછી પણ કોઈ ઝાઝું પરિવર્તન જોવા મળતું નથી. ઈ. સ. ૧૮૫૦માં કવિશ્રી દલપતરામે ગુજરાત વર્નાક્યુલર સોસાયટી માટે 'ભૂત' વિશેનો નિબંધ લખ્યો અને એ પછીના વર્ષે એ 'ભૂત' નિબંધ પ્રકાશિત થયો. એ પછી આ નિબંધની ઘણી આવૃત્તિઓ પ્રગટ થઈ, અંગ્રેજી અને ઉર્દૂ ભાષામાં એનો અનુવાદ થયો, પરંતુ હકીકત એ છે કે આટલી બધી પ્રગતિ છતાં સમાજમાં પ્રવર્તેલા વહેમોમાં ઘણું ઓછું પરિવર્તન આવ્યું છે.

હજી આજે પણ કુમળા બાળકોનાં દેવીને રિઝવવા બલી ચડાવવામાં આવે છે, નજર ઉતારવા માટે વિવિધ નુસખાઓ અજમાવવામાં આવે છે, આકાશી ગ્રહોની ચાલ પ્રમાણે બદલાતા જીવનની વાત થાય છે અને ઘણી વ્યક્તિઓ પોતાની ઉન્નતિ અને અવનતિ માટે ગ્રહદશાને કારણભૂત માનવા લાગ્યા. એ પછી રાશિભવિષ્યની બોલબાલા થઈ. ફળ જ્યોતિષની ઘણી વાતમાંથી એકાદ બે બંધ બેસે એટલે લોકો માનવા લાગે છે કે ફળ જ્યોતિષ સચોટ વર્તારો કરનારું શાસ્ત્ર છે. આની પાછળ વ્યક્તિની માની લેવાની વૃત્તિ કારણભૂત છે અને આજે તો રાજનેતાથી માંડીને પોતાના વર્તમાન કે ભવિષ્યથી પીડાતી ઘણી વ્યક્તિઓ એને શરણે જતી હોય છે.

એક જમાનામાં આવા વહેમો સામે લડનારી વ્યક્તિઓ અને સંસ્થાઓ હતી. રૂઢિઓનો સામનો કરીને સમાજ સામે બાથ ભીડનારા બહાદૂરો હતા. કોણ જાણે કેમ પણ આજે એમાં દુષ્કાળ પ્રવર્તે છે. પરિણામ એ આવ્યું કે આ ૨૦૨૪ના વર્ષમાં પણ લોકો આવા ભૂત-પ્રેતની વાતો સત્યઘટના તરીકે વર્ણવે છે. કોઈ તો એનો જાતઅનુભવ વર્ણવે છે. ક્યાંક આમલી, કેરડો કે બાવળમાં ભૂત રહેતું હોય, કે ક્યાંક કોઈ વ્યકિતનું ઉજ્જડ જગામાં મૃત્યુ થયું હોય ત્યાં એ ભૂત થઈને ભમતો હોય, ક્યાંક ચાર શેરીઓના ચોકમાં ભૂત રહેતું હોય છે, તો ક્યાંક પીપળાના ઝાડમાં ભૂત વસતું હોય છે, ક્યાંક મૃતદેહમાં પેસીને એ બોલતું હોય છે, તો ક્યાંક એ પશુ વગેરેનું રૂપ લઈને અગ્નિના ભડકા જેવું થઈને કોઈને ડરાવતું હોય છે. આવી માન્યતાઓને કારણે ઘણી વ્યક્તિઓ આખી જિંદગી ભયના ઓથાર હેઠળ જીવે છે. ડર, વિષાદ અને હતાશાને પોતાનો આત્મવિશ્વાસ ગીરવે મૂકે છે.

આજે જયારે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની વાત કરતો હોય, પણ બરાબર એ જ જમાનામાં ઘણી બધી ઇન્ટેલિજન્સ વગરની વાતો માનવામાં આવતી હોય છે, ત્યારે આવા વહેમો સાથે બાથ ભીડનાર માલપરાના હીરજી ભિંગરાડિયા અને ગોદાવરીબહેન ભિંગરાડિયાના સ્વાનુભવો સમાજને એક સચી દિશા દર્શાવનારા છે. આપણે મૃત્યુ વિશે શુકન-અપશુકન અને માન્યતાઓનો ઢગલો કર્યો છે અને આજના વિજ્ઞાનયુગમાં પણ શિક્ષિત વ્યક્તિઓ પણ એનું અંધ અનુસરણ કરતા હોય છે.


ઈનોવા કાર ભાડે થી મળશે

૫-સિટર
૭-સિટર



સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058






સંપર્ક–મિતેશ દેસાઈ
Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત


## જમ્મુ-કાશ્મીરમાં આજે પહેલીવાર ઉજવાયો બંધારણ દિવસ, ઓમર અબ્દુલ્લાના મંત્રીએ વાંચી પ્રસ્તાવના

જમ્મુ અને કાશ્મીર આર્ટિકલ ૩૭૦ ની મોટાભાગની જોગવાઈઓને નાબૂદ કર્યા પછી અમલ રહેલા રાજય (કાશ્મીર) બંધારણના વિસર્જન પછી ૨૬ નવેમ્બરે પ્રથમ વખત ભારતના બંધારણને અપનાવીને બંધારણ દિવસ ઉજવવામાં આવશે.

જમ્મુ અને કાશ્મીરના જનરલ એડમિનિસ્ટ્રેશન વિભાગના અધિક સચિવ સુભાષ સી છિબ્બરે સરકાર દ્વારા જારી કરેલા આદેશમાં જણાવ્યું હતું કે, 'બંધારણના નિર્માતાઓના યોગદાન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા અને લોકોને ઉત્કૃષ્ટ મૂલ્યો વિશે જાગૃત કરવા માટે ૨૬ નવેમ્બરના દિવસને બંધારણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે બંધારણ સ્વીકારવાની ૭૫મી વર્ષગાંઠ છે.'

જમ્મુ કાશ્મીરના સરકારી કાર્યાલયો સહીત દરેક સંસ્થામાં સવારે ૧૧ વાગ્યે બંધારણની પ્રસ્તાવના વાંચવામાં આવી હતી. તેમજ ત્યારબાદ મૌલિક ફરજ પાલનથી શપથ લેવામાં આવ્યા હતા.

લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા શ્રીનગરમાં બંધારણ દિવસ પર આયોજિત કાર્યક્રમના મુખ્ય અતિથિ છે.



આ સમારોહમાં એલજી મનોજ સિન્હા અને ઓમર અબ્દુલ્લા સરકારના કેટલાક મંત્રીઓ બંધારણની પ્રસ્તાવના વાંચી હતી.

જો કે આ દરમિયાન સીએમ ઓમર અબ્દુલ્લા સોમવારે જ સાઉદી અરેબિયા જવા રવાના થયા હતા, જયાં તેઓ ઉમરાહ કરશે. જમ્મુ-કાશ્મીરની સાથે સાથે સમગ્ર દેશમાં પણ બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત આજે સંસદનું સંયુક્ત સત્ર પણ બોલાવવામાં આવ્યું છે. બંને ગૃહોના વક્તા, રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન મોદીએ આ કાર્યક્રમનું સંબોધન કર્યું હતું.

ઓમર અબ્દુલ્લાએ ૧૬ ઓક્ટોબરે મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા. તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આવું પહેલા બન્યું કે કાશ્મીરના મુખ્યમંત્રીએ ભારતીય બંધારણ પર શપથ લીધા હોય. આ પહેલા, જમ્મુ અને કાશ્મીરમાં કુલ ૧૭ મુખ્યમંત્રી હતા, જેમણે જમ્મુ અને કાશ્મીરના અલગ બંધારણ પર શપથ લીધા હતા. જણાવી દઈએ કે ૫ ઓગસ્ટ ૨૦૧૯ સુધી જમ્મુ-કાશ્મીરમાં અલગ બંધારણ અને ધ્વજ હતો.

## નાગેશ્વર ખાડી પર બાંધકામ, ડ્રેનેજ વિભાગની નોટિસની પણ અસર નહી

બારડોલી-મોતા રોડ પર આવેલ નાગેશ્વર ખાડી પર થઈ રહેલા ગેરકાયદે બાંધકામ અંગે ડ્રેનેજ વિભાગ દ્વારા બિલ્ડરને વધુ એક નોટિસ આપવામાં આવી છે. જો કે સ્થાનિક નેતાઓના આશીર્વાદના કારણે બિલ્ડરે બેરોક્ટોક ખાડી પર દબાણ કરી બાંધકામ ચાલુ રાખ્યું છે. તંત્ર પણ નોટિસ આપીને પોતાની જવાબદારી પૂર્ણ કરી રહી હોવાનું ચર્ચાય રહ્યું છે.

બારડોલી મોતા રોડ પર મોતા ગામની સીમમાં આવેલ બ્લોક નંબર ૮૬૪/ઇ/૨ પૈકી સબ પ્લોટ ૨ પર થઈ રહેલું બાંધકામ લાંબા સમયથી વિવાદોમાં રહ્યું છે. રોડ માર્જિન અને ખાડીમાં દબાણ કરવા છતાં સ્થાનિક તંત્ર દ્વારા બિલ્ડર સામે કોઈ પગલાં લેવામાં આવતા નથી. બારડોલીથી મોતા રોડ પર નાગેશ્વર ખાડી પર લાંબા સમયથી બાંધકામને લઈને વિવાદ ચાલી રહ્યો છે. રોડ માર્જિનમાં બાંધકામ ઉપરાંત ખાડીના માર્જિનમાં પણ પાકું બાંધકામ કરવામાં આવ્યું હતું. હવે અહીં સીસીરોડ બનાવવાની કામગીરી ચાલી રહી છે. બિલ્ડર પર સ્થાનિક નેતાઓના ચાર હાથ હોય તેની સામે કાર્યવાહી કરવામાં તંત્રના હાથ ટૂંકા પડી રહ્યા છે.

જાગૃત નાગરિક દ્વારા પીએમઓ સુધી ફરિયાદ કરવામાં આવી છે. છતાં બિલ્ડર કે નેતાઓને તેનો ડર રહ્યો નથી. દરમ્યાન આ અંગે તંત્ર સફાળું જાગ્યું છે અને બાંધકામ કરી રહેલા બિલ્ડર દિલિપભાઈ બાલચંદભાઈ ભગત (રહે મીરા નગર, ઉધના, સુરત)ને નોટિસ આપી છે. આ નોટિસ ડ્રેનેજ પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઇજનેર દ્વારા આપવામાં આવી છે. જેમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે, ખાડી પર પુલની બાજુમાં ખાડીની માર્જિનમાં માટી પુરાણ કરવામાં આવ્યું છે.

કુદરતી કોતર/ખાડીના માર્જિન અંગે ગુજરાત સરકાર, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ઠરાવ મુજબ વોટર બોડીઝથી માર્જિન છોડવાનું રહેશે. આમ નિયમોનુસાર માર્જિન છોડવામાં આવ્યું નથી. આથી હાલમાં ચાલી રહેલી માટી પુરાણની કામગીરી તાત્કાલિક બંધ કરી માર્જિન અંગેની પરવાનગી અંગે જાણ કરવા જણાવાયું છે.

તેમજ બિન અધિકૃત બાંધકામ દૂર કરવા પણ આદેશ છે. જો દબાણ દૂર કરવામાં વિલંબ થશે તો શોપિંગ સેન્ટર ઉપર સરકારી ધારા ધોરણ મુજબ કાયદાકીય કાર્યવાહી કરવા અંગે પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવવામાં આવ્યું છે.

## રાજયમાં જનહિતલક્ષી યોજનાઓના અસરકારક અમલ અને સ્કીમ સેચ્યુરેશન માટે AIનો ઉપયોગ કરવા ટાસ્ક ફોર્સની રચના કરશે :- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

### ભગવાન સોમનાથના સાનિધ્યે રાજય સરકારની ૧૧ મી ચિંતન શિબિરનું સમાપન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજય સરકારની ૧૧ મી ચિંતન શિબિરનું સમાપન કરાવતા રાજયમાં ટેક્નોલોજીના વ્યાપક ઉપયોગથી વહીવટી સુધારણા અને જનહિતકારી યોજનાઓના અમલમાં વધુ ગતિ તથા પારદર્શિતા લાવવા તથા સેચ્યુરેશન એપ્રોચ સાકાર કરવા AI ટાસ્ક ફોર્સની રચના કરવાની જાહેરાત કરી હતી. આ તકે મુખ્યમંત્રીશ્રીના હસ્તે ચિંતન શિબિરના કાયમી લોગોનું ડિજિટલ અનાવરણ પણ કરવામાં આવ્યું હતું.

સોમનાથ મહાદેવના સાનિધ્યમાં યોજાયેલી ૧૧ મી ચિંતન શિબિરના ત્રીજા અને અંતિમ દિવસે સમાપન સમારોહમાં મુખ્યમંત્રી એ સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ટેક્નોલોજીના ઉપયોગથી લોકકલ્યાણલક્ષી યોજનાઓના વ્યાપ વિસ્તારથી ૧૦૦ ટકા લાભાર્થી આવરી લઈ સેચ્યુરેશનના અભિગમ અપનાવવા કરેલા આહવાનને ગુજરાત AIના ઉપયોગથી સર્વગ્રાહી રીતે સાકાર કરવા પ્રતિબદ્ધ છે.

તેમણે ચિંતન શિબિરના સમાપન સત્રમાં વરિષ્ઠ સચિવો, જિલ્લા કલેક્ટરો, વિકાસ અધિકારીઓને પ્રેરણા આપતાં કહ્યું કે, કુપોષણ, શિક્ષણ, આરોગ્ય, કૃષિ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને રોજગારી તથા જન ફરિયાદ નિવારણના ક્ષેત્રમાં AIનો ઉપયોગ સઘન બનાવવો છે. આ હેતુસર ઉચ્ચસ્તરીય ટાસ્ક ફોર્સ રચવામાં આવશે અને તેની ભલામણનો અહેવાલ એક મહિનામાં ટાસ્કફોર્સ આપે તેના આધાર પર અઈ અને ડેટા એનાલિસિસથી સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટની રાજય સરકારની નેમ છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીની પ્રેરણા અને માર્ગદર્શનમાં ૨૦૦૩થી શરૂ થયેલી ચિંતન શિબિરની જવલંત સફળતાને પગલે અનેક એડમિનિસ્ટ્રેટિવ રિફોર્મ્સ આવ્યા છે. જેના પગલે ગુજરાત દેશનું મોડેલ સ્ટેટ તથા ગ્રોથ એન્જિન બન્યું છે. એટલું જ નહીં. આ શિબિરો ટેક્નોલોજી ડ્રીવન ગવર્નન્સ માટે એક ટેક ઓફ પ્લેટફોર્મ બની છે. વિકાસ એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે અને ખાસ કરીને સામૂહિક ચિંતન-મંથનથી જે ચર્ચા-વિમર્શ થાય તેના પરિણામે વિકાસને નવી દિશા મળે છે.

મુખ્યમંત્રી એ સ્પષ્ટપણે જણાવ્યું કે, ચૂંટાયેલા પદાધિકારીઓ અને અધિકારીઓ એક બનીને ટીમ તરીકે કામ કરીને ગુજરાતના વિકાસને આગળ ધપાવી રહ્યાં છે. સરકારી તંત્રએ એવી અસરકારક ભૂમિકા નિભાવવી જોઈએ કે, ખોટું કરનારાના મનમાં તંત્રની બીક રહે. તેમણે એમ પણ ઉમેર્યું કે, બોનાફાઈડ ઈન્ટેન્શનથી થયેલી ભૂલો ચલાવી શકાય પરંતુ માલાફાઈડ ઈન્ટેન્શનને કોઈ કાળે ચલાવી લેવાશે નહીં.

મુખ્યમંત્રીએ કર્મયોગના છ સિદ્ધાંતોને જીવનમાં ઉતારીને કર્મચારીમાંથી કર્મયોગી બનીને કામ કરવાની પ્રેરણા આપતા કહ્યું કે, આ સિદ્ધાંતો એકબીજા સાથે પરસ્પર એવા જોડાયેલા છે કે, કોઈ એક સિદ્ધાંતને જો વ્યક્તિગત જીવનમાં ઉતારીએ તો તેની અસર સમગ્રતયાં વ્યક્તિત્વ અને કતૃત્વ પર પ્રભાવશાળી રીતે પડે જ.

ભૂપેન્દ્ર પટેલે કોઈપણ પ્રકારની નકારાત્મકતા સામે સકારાત્મક અભિગમ અપનાવવાની પ્રેરણા આપતા કહ્યું કે, સરકાર ખૂબ મહત્વપૂર્ણ ઉપયોગી પ્રજાલક્ષી કામગીરી કરતી જ હોય છે ત્યારે તેની જાણકારી લોકોને સમયસર મળતી રહે અને સોશિયલ મીડિયાના સમયમાં કોઈપણ માહિતી ઝડપથી ફેલાય છે ત્યારે, ખોટી વાતોની સામે સકારાત્મક અને સાચી વાતો લોકો સુધી ત્વરાથી પહોંચે તેવું દાયિત્વ આપણે સૌએ નિભાવવાનું છે. સમાજમાં અનેક પ્રકારની ઘટનાઓ બનતી હોય છે ત્યારે, કોઈપણ ઘટના બની ગયા પછી તેને તાત્કાલિક સુધારવા અને ભવિષ્યમાં એવી કોઈ ભૂલ ના થાય એ માટેનો અભિગમ કેળવીને કામ કરવા મુખ્યમંત્રીશ્રીએ પ્રેરણા આપી હતી.



આ ત્રિ-દિવસીય ચિંતન શિબિરમાં જે જૂથચર્ચા સત્રો યોજાયા હતાં તેમાં રોજગારીની તકો ઊભી કરવા, ગ્રામ્ય વિસ્તારમાં આવકમાં વધારો કરવા, સરકારી સેવાઓમાં સંતૃપ્તિ, પ્રવાસનના વિકાસમાં જિલ્લા અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં યોગદાન જેવા ચાર મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચિંતન થયું છે, તેની ભલામણોને જિલ્લા સ્તરે ઝડપથી અમલમાં મુકવા મુખ્યમંત્રીએ પ્રેરક સૂચન કર્યું હતું. તેમણે આ સંદર્ભમાં ઉમેર્યું કે, દરેક જિલ્લા કલેક્ટરો, વિકાસ અધિકારીઓ પોતાના જિલ્લામાં આ ભલામણોમાંથી ત્રણ પ્રોજેક્ટ નક્કી કરીને તેના પર ઝડપથી કાર્યવાહી કરે અને સમયાંતરે તેની પ્રગતિની સમિક્ષા પણ કરતા રહે. વિકાસલક્ષી કોઈપણ કામગીરીમાં પર્યાવરણને ધ્યાનમાં રાખીને જ આગળ વધવા મુખ્યમંત્રીએ ખાસ આગ્રહ રાખ્યો હતો.

ગ્રામ્ય સ્તરથી લઈને રાજય સરકાર સુધીની કડીમાં જિલ્લા વહીવટી તંત્રની ભૂમિકા ચાવીરૂપ છે ત્યારે, ગ્રામ્યસ્તર અને સરકાર વચ્ચે કોઈપણ પ્રકારનો ગેપ ના રહી જાય તે જોવા પણ મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા વહીવટી તંત્ર વાહકોને સૂચન કર્યું હતું.

રોજિંદી વહીવટી કામગીરીમાં કે વિવિધ પ્રક્રિયાઓમાં ક્યાંક અર્થઘટનના પ્રશ્નો કે કોઈ સમજ ફેરના પ્રશ્નો થતા હોય ત્યારે તેનું સામૂહિક ચિંતન કરીને, આવા પ્રશ્નો ઉકેલવાની દિશામાં ચિંતન શિબિરો દિશાદર્શક બની છે તેમ તેમણે જણાવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવા માટેનું લક્ષ્ય નિર્ધારીત કર્યું છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

**સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં દારૂના વેચાણ, ઉત્પાદન અને હેરફેર કરતા બુટલેગરો અને ઇસમો સામે તાકીદે કડકમાં કડક પગલાં લેવા બાબત**

# તટસ્થ અને પ્રામાણિક અધિકારીઓની નિમણૂક કરી બુટલેગરો ઉપર યોગ્ય અને કડક કાર્યવાહી કરવા બાબતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શનકુમાર નાયક દ્વારા મુખ્ય પોલીસ અધિકારી ગાંધીનગર ને રજૂઆત કરી

સુરત જિલ્લામાં અને ખાસ કરીને સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં દારૂના વેચાણ, ઉત્પાદન અને હેરફેર કરતા બુટલેગરો અને ઇસમો સામે તાકીદે કડકમાં કડક પગલાં લેવા બાબત, તેમજ પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ, ઉત્પાદન તથા હેરફેર અન્વયે તટસ્થ અને પ્રામાણિક અધિકારીઓની નિમણૂક કરી બુટલેગરો ઉપર યોગ્ય અને કડક કાર્યવાહી કરવા બાબત.

સુરત જિલ્લામાં અને ખાસ કરીને સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં દારૂના વેચાણ, ઉત્પાદન અને હેરફેર કરતા બુટલેગરો અને ઇસમો સામે તાકીદે કડકમાં કડક પગલાં લેવા બાબત, તેમજ પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ, ઉત્પાદન તથા હેરફેર અન્વયે તટસ્થ અને પ્રામાણિક અધિકારીઓની નિમણૂક કરી બુટલેગરો ઉપર યોગ્ય અને કડક કાર્યવાહી કરવા બાબત.

જિલ્લા અને શહેરના વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ક્રાઈમ રેટ વધી રહ્યોછે. સુરત જિલ્લા અને શહેરમાં ગંભીર ગુનાઓ જેવા કે ખૂન, બળાત્કાર, લુંટ વિગેરે જેવા ગંભીર ગુનાઓ દિન પ્રતિદિન વધી રહેલ છે. તેમજ છેલ્લા ઘણા વર્ષોથી ગેરકાયદેસર રીતે દારુ તેમજ અન્ય પ્રતિબંધિત વસ્તુઓનું ઉત્પાદન અને વેચાણ પણ દિન પ્રતિદિન વધી રહ્યુંછે. સુરત શહેરના વિસ્તારોમાં અનેક જગ્યાએ દારૂગાળવાના અડ્ડાઓ જોવા મળે છે અને યુવાનો દારુ અને નશાયુક્ત પદાર્થો તરફ ખુબ ઝડપથી વધી રહ્યા છે અને તેનું દિન પ્રતિદિન સેવન કરી રહ્યા છે.જે ખૂબ જ ગંભીર બાબત છે. નશાયુક્ત પદાર્થોનું સેવન કરવાથી સમાજમાં ગંભીર ગુનાઓમાં વધારો થતો જોવા મળી રહ્યોછે જે મીનમેખ બાબત છે. એક સભ્ય સમાજમાં આવી પરિસ્થિતિનું નિર્માણ થવું ખુબ જ દુ:ખની બાબત છે. આવી પરિસ્થિતિનું નિર્માણ કરવામાં અને સુરત જિલ્લા અને શહેરમાં ક્રાઈમ રેટમાં દિનપ્રતિદિન વધારો થવા માટે ગંભીર ગુનાઓ પ્રત્યે આંખ આડા કાન કરનાર પોલીસ તંત્રના અધિકારીઓની નિષ્ક્રિયતા જવાબદાર છે જેને લીધે આવા ગુનેગારોને ગુનાઓ કરવા માટે મોકળુ મેદાન મળી જાય છે. તેમજ કેટલાક કર્મચારીઓ અને તેમની સાથે સાંઠ-ગાંઠ ધરાવતા વહીવટદારો અને રીઢા બુટલેગરોના મેળાપીપળા અને સાંઠ-ગાંઠને લીધે પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ ખુલ્લેઆમ થઈ ગયેલ છે. ગુજરાત રાજયમાં ધી પ્રોહીબીશન એક્ટ ૧૯૪૯ હેઠળ કોઇપણ નાગરિક દ્વારા અમુક મર્યાદા સુધી અને લાઈસન્સ વિના દારૂની ખરીદી કરવી, તેને કબ્જામાં રાખવું કે કબ્ઝ્યુમ કરવું એ પ્રતિબંધિત છે. તેમજ વર્ષ ૨૦૧૭ માં કાયદામાં સુધારો કરીને ૧૦ વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે. તેમ છતાંપણ પોલીસ તંત્ર સુરત જીલ્લામાં દારુ તેમજ અન્ય પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ રોકવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે અને વહીવટદારો સાથે મળીને ખુબ મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવા માટેનું એક સફળ મોડેલ તૈયાર કરેલ હોય એવું લાગી રહ્યું છે.

ઉપરાંત, દર વર્ષે સુરત જિલ્લામાં પોલીસ અધિક્ષક સુરત (ગ્રામ્ય) ની કચેરી તરફથી સુરત જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં બુટલેગરોની યાદી બહાર પાડવામાં આવે છે. અને આ યાદી તમામ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરો તેમજ પોલીસ સબ-ઈન્સ્પેક્ટરોને મોકલવામાં આવે છે. જે ઉપરથી જણાઈ આવે છે કે પોલીસ વિભાગ પાસે સુરત જિલ્લામાં મોટા ભાગે બધા બુટલેગરોની માહિતી હોય છે ઉપરાંત આ બુટલેગરો ઉપર કેટલી ફરિયાદો થયેલ છે અને કેટલા ગુના નોંધાયેલ છે તેની પણ પૂરતી માહિતી હોય છે.જાહેર માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ (છઝઈં)અંતર્ગત મળેલ માહિતી મુજબ સુરતમાં સક્રિય બુટલેગરો ની વિગતો નીચે મુજબ છે .

ઉપર દર્શાવેલ આંકડાઓ એ પોતે પોલીસ અધિક્ષકની કચેરી સુરત દ્વારા પત્ર ક્રમાંક નં.લસીબી/પ્રોહી.-જુ.બુટલેગર. રી. યા./૬૩/૨૦૨૪, તા: ૧૮/૦૧/૨૦૨૪ થી બહાર પાડવામાં આવેલ છે. જેમાં બુટલેગરોના નામ, સરનામું અને તમની ઉપર નોંધાયેલ ગુનાઓ



સહિતની માહિતી આપવામાં આવેલ છે જે યાદી આ સાથે સામેલ રાખેલ છે .

વધુમાં સુરત જિલ્લાના કામરેજ વિસ્તારમાં કૂલ બુટલેગરોમાંથી કેટલાક બુટલેગરો વિરુદ્ધ ૪૦ થી વધુ ગુનાઓ નોંધાયેલ છે અને કેટલાક બુટલેગરો વિરુદ્ધ ૨૫ જેટલા ગુનાઓ નોંધાયેલ છે. બાકી અન્ય બુટલેગરો વિરુદ્ધ ૧૦-૧૫ જેટલા ગુનાઓ નોંધાયેલ છે. સુરત જિલ્લાના ઓલપાડ વિસ્તારમાંથી કૂલ બુટલેગરોમાંથી મહત્તમ બુટલેગરો વિરુદ્ધ ૨૦ થી વધુ ગુનાઓ નોંધાયેલ છે. માંગરોળ વિસ્તારમાં કેટલાક બુટલેગરો વિરુદ્ધ ૨૦ થી વધુ ગુનાઓ નોંધાયેલ છે અને અન્ય બુટલેગરો વિરુદ્ધ ૧૦-૧૫ જેટલા ગુનાઓ નોંધાયેલ છે. ઉપરાંત, સુરત જિલ્લાના તમામ તાલુકાઓમાં ઘણા બુટલેગરો એવા છે જેઓની ઉપર ૨૫ થી વધુ વખત ધી પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫ હેઠળ ગુનાઓ નોંધાયેલ છે. તેમ છતાં આજે પણ આ બુટલેગરો સમાજમાં ખુલ્લેઆમ ફરી રહ્યા છે. અને બીજા ઇસમો દ્વારા દારુ વેચાણનો આખો ગોરખ ધંધો ચલાવી રહ્યા છે.

આ બુટલેગરો સામે આટલા બધા ગુનાઓ નોંધાયેલ હોય છતાં આ બુટલેગરો સમાજમાં ખુલ્લેઆમ ફરી રહ્યા છે અને સમાજમાં દારૂનું વેચાણ વધારી રહ્યા છે. આ બુટલેગરોએ હવે નવી પદ્ધતિ ઊભી કરેલ છે અને અન્ય વચેટિયા લોકો પાસેથી આ બુટલેગરો દારૂનો વેપાર કરાવે છે. પોલીસ વિભાગને પૂરેપૂરી માહિતી હોવા છતાં ફક્ત અને ફક્ત દર વર્ષે આ બુટલેગરોની લિસ્ટ રિવાઇઝ કરવામાં આવે છે પણ કોઈ કઠોર અને ચોક્કસ પગલાં આ બુટલેગરો વિરુદ્ધ લેવામાં આવતા નથી. જેને કારણે આ બુટલેગરોને મોકળુ મેદાન મળી ગયેલ છે અને બેરોકટોક દારૂનો વેપાર કરી રહ્યા છે. અને સમાજમાં દારૂનું ખૂબ મોટું દૂષણ હાલમાં પ્રવર્તે છે જેને કારણે મોટા ભાગના ગંભીર ગુનાઓ સમાજમાં થતાં જોવા મળે છે. અને કાયદો અને વ્યવસ્થા જળવાતી નથી. જેથી આ બુટલેગરોને રોકવા અને કાયદાકીય પગલાં લઈ તેમને અટકાવવા ખૂબ જ આવશ્યક છે. આમ, અમારી ફરિયાદના અનુસંધાને વિશાળ સમાજ હિતમાં યોગ્ય કાર્યવાહી કરી આ બુટલેગરો સામે કડકમાં કડક પગલાં લેવામાં આવે અને આ બુટલેગરો સામે ચાલતા કેસોમાં સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂક કરવામાં આવે કે જેથી આ બુટલેગરોને સજા થાય એન પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ ગુજરાત રાજયમાં ઘટાડી શકાય અને ગુનાઓ ઉપર અંકુશ લગાવી શકાય.

# શ્રી સત્ય સાઈ બાબાની ૯૯ મી જન્મ જયંતીની ઉજવણી

**બારડોલી-** શ્રી સાઇ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ, બારડોલી સંચાલિત શ્રી સત્ય સાઇ હોસ્પિટલ, બારડોલી ખાતે પરમ પૂજ્ય ભગવાન શ્રી સત્ય સાઇ બાબાની ૯૯ મી જન્મ જયંતિની ઉજવણી ખૂબ આનંદ ઉલ્લાસ સાથે ઉજવવામાં આવી .







આ પ્રસંગે સવારે ગણેશ પૂજન, લાક્ષાર્ચન, ભજન અને અંતે મહા પ્રસાદ નું આયોજન ટ્રસ્ટી મંડળ તરફથી કરવામાં આવ્યું.

આ પ્રસંગે ટ્રસ્ટનાં ઉત્સાહી અને લોક સેવાની ભેખ લઈને ચાલનાર પ્રમુખ શ્રી શાંતિલાલ કલ્યાણજી પટેલ, બગુમરા, ઉપપ્રમુખ શ્રી દીક્ષિતભાઈ રામુભાઈ પટેલ , મોટી ફળોદ, મંત્રીશ્રી અરવિંદભાઇ સોમાભાઇ પટેલ, કણઈ, ટ્રસ્ટી શ્રી કિરીટભાઇ મગનભાઇ પટેલ, શામપુરા, ટ્રસ્ટીશ્રી હર્ષદભાઈ જીવણજી પટેલ, વરાડ તેમજ શ્રી ભુપેન્દ્રભાઈ પરસોત્તમભાઈ પટેલ , બગુમરા, શ્રી મોરારભાઈ પ્રેમભાઇ પટેલ, બગુમરા, શ્રી કિશનભાઈ જગદીશભાઇ પટેલ, બારડોલી, રમેશભાઈ ખત્રી, બારડોલી, શ્રી ઝીલબેન ડી. પટેલ, બારડોલી તથા મોટી સંખ્યામાં સાઇ ભક્તો, અને હોસ્પિટલ સ્ટાફ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

રેવાબા ભીખાદાદા પટેલ પરિવાર, નવદુર્ગા, બારડોલી તરફથી મહા પ્રસાદીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# આમ આદમી પાર્ટીના હોદ્દેદારો દ્વારા ખેડબ્રહ્મા શહેરમાં સદસ્યતા અભિયાનનો કાર્યક્રમ





**ખેડબ્રહ્મા-** ગત રોજ આમ આદમી પાર્ટીના હોદ્દેદારો દ્વારા ખેડબ્રહ્મા શહેરમાં સદસ્યતા અભિયાનનો કાર્યક્રમ યોજાયો. જેમાં ખેડબ્રહ્મા શહેરના વ્યાપારીઓ સહિત આમ આદમી પાર્ટીની વિચારધારા સાથે અનેક લોકો જોડાયા.

# બારડોલી ST ડેપોમાં બસ અકસ્માત, એક ઘાયલ

**બારડોલી-** બારડોલીના લિનિયર ST ડેપોમાં સોમવારે બપોરે એક બસ અકસ્માતમાં એક વ્યક્તિ ઘાયલ થઈ છે. આ ઘટનામાં એક બસે બાઇક પરથી ઊતરીને ઊભેલા ૫૦ વર્ષીય સુશીલ લાડને અડફેટે લીધો હતો, જેના કારણે તેમના પગમાં ફ્રેક્ચર થયું છે. ઘાયલને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, નવસારીથી ઝાંપા જતી એસટી બસના ચાલકે ગફલતભરી રીતે બસ હંકારીને આ અકસ્માત સર્જ્યો હતો.




# સુરત શહેરના ટ્રાફિક સમસ્યા ને વાહન ચાલકો માટે વધુ હલ કરવા માટે મેદાને ઉતરતા :અનુપમસિંહ ગેહલોત

સુરતના કેટલા ટ્રાફિક સર્કલ મોટા હોવાને લઈને વાહન ચાલકોને સમસ્યા સર્જાતિ હતી તેને નાના કરવા માટેનો આદેશ ટ્રાફિકના મદદનીશ પોલીસ કમિશનને આપવામાં આવ્યા

સુરત શહેરમાં વધતી જતી ટ્રાફિક સમસ્યાને દૂર કરવા માટે આવે શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત દ્વારા ટ્રાફિક જંકશનનોનું નિરીક્ષણ કરીને સર્કલ નાના કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આદેશ ટ્રાફિકના મદદનીશ પોલીસ કમિશનરોને આપ્યો હતો

સુરત શહેરમાં ૧૦૯ જગ્યા પર ટ્રાફિક જંકશન પર મહાનગરપાલિકા દ્વારા સર્કલ મોટા કરવામાં આવ્યા હતા જેના કારણે અવર નવર નાના-મોટા અકસ્માતો થતા હતા આ આકસ્માતો ને અટકાવવા માટે પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત દ્વારા પોતાના ટ્રાફિક અધિકારી સાથે અલગ અલગ સર્કલ ઉપર આજે સવારથી જ નિરીક્ષણ કરવા માટે ગયા હતા જેમાં કારગિલ ચોક વાઇ જંકશન સોમેશ્વર જંકશન અને અલગ અલગ જગ્યા પર ટ્રાફિક ના સિગ્નલ અને ટ્રાફિક વ્યવસ્થા ની નાની નાની જરૂરિયાત વહનચાલકો માટે ની જોઈ હતી અને ઘણી જગ્યા પર સર્કલ નાના કરવા સાથે ટાઈમિંગ માં ફેરફાર કરવાનો પણ ટ્રાફિકના મદદનીશ પોલીસ કમિશનરને આદેશ આપવામાં આવ્યો છે આ બાબતે ટ્રાફિકના જોઈન્ટ કમિશનર ચૌધરી મદદનીશ પોલીસ કમિશનર ટંડેલ તેમજ નાયબ પોલીસ કમિશનર વનાણી સાથે જરૂરી પગલાં ભરવાનો આદેશ પણ આપ્યો છે જેથી કરીને વાહન ચાલકોને અલગ અલગ સિગ્નલ ને સંચાલન એક સમય અનુસાર થાય જેથી કરીને વાહન ચાલકોને વધાર સમય સર્કલ પર નહી ઉભા રહેવું પડે એનું વિશેષ ઘ્યાન રાખવામાં આવ્યું છે.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb




OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).